# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૩



પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય,
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

## “Only રાજીપો”

**બાળમિત્રો,**
**જો જો મહેનત કરવાનું મૂકી ન દેતા...**
**હવે ફક્ત...**

# ૫૯ દિવસ

**બાકી છે...**



| | |
|---|---|
| લક્ષ્યાંક તારીખ | - ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦ |
| બાકી દિવસો | - ૫૯ દિવસ |
| કુલ શ્રેણી | - ૨૧ શ્રેણી (૩૧૫ શ્લોક) |
| શ્રેણી દીઠ | - ૧૫ શ્લોક |

## “Quiz Time”

**મિત્રો, ઝટપટ શ્રેણી મુખપાઠ કરીને, અહીં આપેલી ક્વિઝમાં ભાગ લઈશું. લીંક દબાવો અને અદ્ભુત ક્વિઝ રમો.**

Click here



चौर्यं न कर्हिचित् कार्यं सत्सङ्गमाश्रितैर्जनैः।
धर्मार्थमपि नो कार्यं चोरकार्यं तु कर्हिचित्॥३१॥

ચૌર્યં ન કર્હિચિત્ કાર્યં સત્સંગમાશ્રિતૈર્જનૈઃ।
ધર્માર્થમપિ નો કાર્યં ચોરકાર્યં તુ કર્હિચિત્॥૩૧॥

સત્સંગીઓએ ચોરી ક્યારેય ન કરવી. ધર્મને અર્થે પણ ચોરી ક્યારેય ન કરવી. (૩૧)

नैवाऽन्यस्वामिकं ग्राह्यं तदनुज्ञां विना स्वयम्।
पुष्पफलाद्यपि वस्तु सूक्ष्मचौर्यं तदुच्यते॥३२॥

નૈવાન્યસ્વામિકં ગ્રાહ્યં તદનુજ્ઞાં વિના સ્વયમ્।
પુષ્પફલાદ્યપિ વસ્તુ સૂક્ષ્મચૌર્યં તદુચ્યતે॥૩૨॥

પુષ્પ, ફળો જેવી વસ્તુ પણ તેના ધણીની પરવાનગી વગર ન લેવી. પરવાનગી વગર લેવું તે સૂક્ષ્મ ચોરી કહેવાય છે. (૩૨)

मनुष्याणां पशूनां वा मत्कुणादेश्च पक्षिणाम्।
केषाञ्चिज्जीवजन्तूनां हिंसा कार्या न कर्हिचित्॥३३॥

अहिंसा परमो धर्मो हिंसा त्वधर्मरूपिणी।
श्रुतिस्मृत्यादिशास्त्रेषु स्फुटमेवं प्रकीर्तितम्॥३४॥

મનુષ્યાણાં પશૂનાં વા મત્કુણાદેશ્ચ પક્ષિણામ્।
કેષાંચિજ્જીવજંતૂનાં હિંસા કાર્યા ન કર્હિચિત્॥૩૩॥

અહિંસા પરમો ધર્મો હિંસા ત્વધર્મરૂપિણી।
શ્રુતિસ્મૃત્યાદિશાસ્ત્રેષુ સ્ફુટમેવં પ્રકીર્તિતમ્॥૩૪॥

ક્યારેય મનુષ્ય, પશુ, પક્ષી, તથા માંકડ આદિક કોઈ પણ જીવજંતુઓની હિંસા ન કરવી. અહિંસા પરમ ધર્મ છે, હિંસા અધર્મ છે એમ શ્રુતિ-સ્મૃત્યાદિ શાસ્ત્રોમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. (૩૩-૩૪)

यागार्थमप्यजादीनां निर्दोषाणां हि प्राणिनाम्।
हिंसनं नैव कर्तव्यं सत्सङ्गिभिः कदाचन॥३५॥

યાગાર્થમપ્યજાદીનાં નિર્દોષાણાં હિ પ્રાણિનામ્।
હિંસનં નૈવ કર્તવ્યં સત્સંગિભિઃ કદાચન॥૩૫॥

સત્સંગીઓએ યજ્ઞને અર્થે પણ બકરાં વગેરે નિર્દોષ પ્રાણીઓની હિંસા ક્યારેય ન જ કરવી. (૩૫)

यागादिके च कर्तव्ये सिद्धान्तं सांप्रदायिकम्।
अनुसृत्य हि कर्तव्यं हिंसारहितमेव तत्॥३६॥

યાગાદિકે ચ કર્તવ્યે સિદ્ધાંતં સાંપ્રદાયિકમ્।
અનુસૃત્ય હિ કર્તવ્યં હિંસારહિતમેવ તત્॥૩૬॥

યાગાદિ કરવાના થાય ત્યારે સંપ્રદાયના સિદ્ધાંતને અનુસરીને હિંસારહિત જ કરવા. (૩૬)

मत्वाऽपि यज्ञशेषं च वाऽपि देवनिवेदितम्।
मांसं कदापि भक्ष्यं न सत्सङ्गमाश्रितैर्जनैः॥३७॥

મત્વાપિ યજ્ઞશેષં ચ વાપિ દેવનિવેદિતમ્।
માંસં કદાપિ ભક્ષ્યં ન સત્સંગમાશ્રિતૈર્જનૈઃ॥૩૭॥

યજ્ઞનો શેષ ગણીને કે પછી દેવતાના નૈવેદ્ય રૂપે પણ સત્સંગીઓએ ક્યારેય માંસ ન જ ખાવું. (૩૭)

कस्याऽपि ताडनं नैव करणीयं कदाचन।
अपशब्दाऽपमानादि-सूक्ष्महिंसाऽपि नैव च॥३८॥

કસ્યાપિ તાડનં નૈવ કરણીયં કદાચન।
અપશબ્દાપમાનાદિ-સૂક્ષ્મહિંસાપિ નૈવ ચ॥૩૮॥

કોઈનું તાડન ક્યારેય ન કરવું. અપશબ્દો કહેવા, અપમાન કરવું ઇત્યાદિ કોઈપણ પ્રકારે સૂક્ષ્મ હિંસા પણ ન કરવી. (૩૮)

सत्ता-कीर्ति-धन-द्रव्य-स्त्री-पुरुषादिकाऽऽप्तये।
मानेर्ष्याक्रोधतश्चाऽपि हिंसां नैव समाचरेत्॥३९॥

સત્તા-કીર્તિ-ધન-દ્રવ્ય-સ્ત્રી-પુરુષાદિકાપ્તયે।
માનેર્ષ્યાક્રોધતશ્ચાપિ હિંસાં નૈવ સમાચરેત્॥૩૯॥

ધન, સત્તા, કીર્તિ, સ્ત્રી, પુરુષ ઇત્યાદિની પ્રાપ્તિને અર્થે તથા માન, ઈર્ષ્યા કે ક્રોધે કરીને પણ હિંસા ન કરવી. (૩૯)

मनसा वचसा वाऽपि कर्मणा हिंसने कृते।
तत्स्थितो दुःख्यते नूनं स्वामिनारायणो हरिः॥४०॥

મનસા વચસા વાપિ કર્મણા હિંસને કૃતે।
તત્સ્થિતો દુઃખ્યતે નૂનં સ્વામિનારાયણો હરિઃ॥૪૦॥

મને કરીને, વચને કરીને કે કર્મે કરીને હિંસા કરવાથી તેનામાં રહેલા સ્વામિનારાયણ ભગવાન દુઃખાય છે. (૪૦)

आत्मघातोऽपि हिंसैव न कार्योऽतः कदाचन।
पतनगलबन्धाद्यैर्विषभक्षादिभिस्तथा॥ ४१ ॥

આત્મઘાતોપિ હિંસૈવ ન કાર્યોતઃ કદાચન।
પતનગલબંધાદ્યૈર્વિષભક્ષાદિભિસ્તથા॥ ૪૧ ॥

આત્મહત્યા કરવી તે પણ હિંસા જ છે. આથી પડતું મૂકવું, ગળે ટૂંપો ખાવો, ઝેર ખાવું ઇત્યાદિ કોઈ રીતે આત્મહત્યા ક્યારેય ન કરવી. (૪૧)

दुःखलज्जाभयक्रोध-रोगाद्यापत्तिकारणात्।
धर्माऽर्थमपि कश्चिद्धि हन्यान्न स्वं न वा परम्॥४२॥

દુઃખલજ્જાભયક્રોધ-રોગાદ્યાપત્તિકારણાત્।
ધર્માર્થમપિ કશ્ચિદ્ધિ હન્યાન્ન સ્વં ન વા પરમ્॥૪૨॥

દુઃખ, લજ્જા, ભય, ક્રોધ તથા રોગ ઇત્યાદિ આપત્તિને કારણે, કે પછી ધર્મને અર્થે પણ કોઈએ પોતાની કે અન્યની હત્યા ન કરવી. (૪૨)

तीर्थेऽपि नैव कर्तव्य आत्मघातो मुमुक्षुभिः।
नैवाऽपि मोक्षपुण्याप्तिभावाद् कार्यः स तत्र च॥४३॥

તીર્થેપિ નૈવ કર્તવ્ય આત્મઘાતો મુમુક્ષુભિઃ।
નૈવાપિ મોક્ષપુણ્યાપ્તિભાવાદ્ કાર્યઃ સ તત્ર ચ॥૪૩॥

મુમુક્ષુએ તીર્થને વિષે પણ આત્મહત્યા ન જ કરવી. મોક્ષ કે પુણ્ય પામવાની ભાવનાથી પણ તીર્થને વિષે આપઘાત ન જ કરવો. (૪૩)

भगवान् सर्वकर्ताऽस्ति दयालुः सर्वरक्षकः।
स एव नाशकः सर्व-सङ्कटानां सदा मम॥४४॥

ભગવાન્ સર્વકર્તાસ્તિ દયાલુઃ સર્વરક્ષકઃ।
સ એવ નાશકઃ સર્વ-સંકટાનાં સદા મમ॥૪૪॥

ભગવાન સર્વકર્તા છે, દયાળુ છે, સર્વનું રક્ષણ કરનારા છે અને એ જ સદા મારાં સર્વે સંકટોના ટાળનારા છે. (૪૪)

भगवान् कुरुते यद्धि हितार्थमेव तत्सदा।
प्रारब्धं मे तदिच्छैव स एव तारको मम॥४५॥

ભગવાન્ કુરુતે યદ્ધિ હિતાર્થમેવ તત્સદા।
પ્રારબ્ધં મે તદિચ્છૈવ સ એવ તારકો મમ॥૪૫॥

ભગવાન જે કરે તે સદાય સારા માટે હોય. તેમની ઈચ્છા એ જ મારું પ્રારબ્ધ છે. તેઓ જ મારા તારક છે. (૪૫)

स्वामिनारायण
BAPS



શ્રેણી - ૩ નો મુખપાઠ ઓડિયો
દ્વારા કરવા માટે નીચેની લીંક દબાવો.

Click here

સત્સંગદીક્ષા મુખપાઠ શ્રેણી ૧, ૨
જોવા માટે નીચેની લીંક દબાવો

Click here

ગુજરાતી ભાષાંતર અને શ્લોકની
જુદી-જુદી PDF માટે નીચેની લીંક દબાવો

Click here